# -: હજ્જે બયતુલ્લાહ :-

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને એક એવા શખ્સ બાબત પૂછવામાં આવું જે હજ્જે બયતુલ્લાહનો ફરીઝો અદા કરવામાં આજ-કાલ કરે, ટાલતો રહે અને એનો સબબ વેપાર અને બીજા લૈન-દૈન કરવામાં મશ્ગૂલીયતનો હોય ? આપ (અ.સ.) એ જવાબમાં ફરમાવું કે, હજ્જ ન પઢવા વાસ્તે એ શખ્સનો આ બહાનો મકબૂલ નથી. એને હજ્જ પઢવામાં આજ-કાલ ન કરવી જોઈએ. જો એ શખ્સ આ હાલમાં મરી ગયો તો એને ઈસ્લામના અહકામમાંથી એક હુકમને તર્ક કીધો. હવે જે શખ્સ ગુઝરી જાય અને હજ્જથી મુશર્રફ ન થાય તે વાતને બાવુજૂદ કે એને હજ્જ કરવામાં કોઈ એવી સખ્ત ઝરૂરત દરપૈશ ન થઈ હોય યા એવી હલાકીમાં નાખનારી બિમારી ન હોય યા એને હુકૂમત હજ્જ વાસ્તે ઈજાઝત ન આપતી હોય, તો અલ્લાહ એવા શખ્સને યહૂદી યા નસ્રાનીની મૌતથી મારશે અને એ જ હાલત એનો હશર કરશે.

ઈમામ (અ.સ.) ને સવાલ કરવામાં આવો કે, એક મરદ ને પાસે માલ-દૌલત-મિલ્કીયત હોય તે સાથે એને હજ્જ ન પઢી હોય અને આ હાલમાં જ એ ગુઝરી ગયો તો એના વાસ્તે શું હુકમ ? આપ (અ.સ.) એ ફરમાવું કે, આ મરદ તે લોગો માંથી છે જેના મોતઅલ્લિક અલ્લાહ ફરમાવે છે કે, “વનશોરોહુ યૌમલ કયામતે આઅમા,” યાઅની હમેં એને કયામતના દિન આંધલો ઊઠાવીશું. અરઝ કરવામાં આવી કે, શું એને અંધો ઊઠાવવામાં આવશે ? આપે ફરમાવું કે, હાઁ ! એમાં કોઈ શક નથી, એ મરદ ખૈરના રસ્તાથી અંધો હતો.

ઈમામ (અ.સ.) એ અરઝ કરવામાં આવી કે, એક મુમિન વાસ્તે હજ્જ પઢવું ક્યારે વાજિબ થાય ? જવાબમાં આપે ફરમાવું કે, જે શખ્સ હજ્જ વાસ્તે ઈસ્તેતાઅત (તાકત) રાખતો હોય તે હજ્જના સફર પર જઈ શકે છે. પછી સવાલ એ થયો કે, અય મૌલા, લોગો તો ઈસ્તેતાઅતની માઅના સફર વાસ્તે સાઝો સામાન અને સવારી (વાહન) ની કરે છે ! તો શું ઈસ્તેતાઅતની માઅના આ જ છે ? આપ (અ.સ.) એ ફરમાવું કે, ફક્ત સફરનો સામાન અને સફર વાસ્તે સવારીનો ઈન્તેઝામ જ ઈસ્તેતાઅતનો મતલબ હોય તો પછી લોગો હલાક થઈ જાય સબબ કે જે શખ્સ પાસે સફરનો આ ઈન્તેઝામ હોય અને એના હજ્જ પર ગયા પછી એના અહલો અયાલ-ઔલાદ વાસ્તે જમન-પાનીનો કોઈ બંદોબસ્ત ન હોય તો એ લોગો તો હલાક થઈ જાશે!

અરઝ કરવામાં આવી કે, અય મૌલા, આપ જ બતાવીએ કે “ઈસ્તેતાઅત” ની શું માઅના છે ? આ (અ.સ.) એ ફરમાવું કે, જે મુમિને હજ્જ વાસ્તે નિય્યત કીધી હોય તો પહેલા એનામાં સફરની શિદો બરદાશ્ત કરવાની તાકત, હજ્જ વાસ્તે સફર દૌરાન પોતાની દૌલતમાંથી ઈખ્રાજાત અને ખર્ચો કરવાની તાકત, એના ગયા પછી આલ-ઔલાદ વાસ્તે રહેવા અને જમવાનો ઈન્તેઝામ અને આખિરમાં એના સફર દૌરાન અને એના વતનમાં અમનો અમાન હોય તો એ મુમિન પર હજ્જ પઢવું વાજિબ છે.

મૌલના અલી (અ.સ.) એ ફરમાવું કે, એવા દીકરા યા દીકરી જે બાલિગ ન થયા હોય અને એને હજ્જના અય્યામ નસીબ થાય તો હજ્જની અદાયેગી વાસ્તે આ કાફી નથી. જે વક્ત એ બાલિગ થાય અને વલાયતે આલે મોહંમદ (સ.અ.વ.વ.) ની માઅરેફત એના દિલમાં કાઈમ થાય તે વક્ત જ એના પર હજ્જ વાજિબ થાય.

મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, હજરે અસ્વદ મીસાકની મિસિલ છે અને તેને ચુમવું બયઅતની મિસિલ છે અને આપ જે વક્ત હજરે અસ્વદને ચુમતા તો ફરમાવતા કે, અય અલ્લાહ, મારી અમાનતને મેં અદા કીધી છે અને મીસાક આપો છે જેથી આ હજરે અસ્વદ તારા નઝદીક મારા વાસ્તે બલાગની (પહોંચવાની) શહાદત ગુઝારે. આપ (અ.સ.) જે વક્ત લોગોને જોતા કે, તેઓ તવાફ દે છે અને ચાલતા જાય છે તો આપે ફરમાવું કે, ખુદાના કસમ! આ તવાફને અલાવા લોગોને એક ઔર હુકમ કરવામાં આવો છે. અરઝ કરવામાં આવી કે, તે શું હુકમ છે ? અય રસૂલુલ્લાહના ફરઝંદ ! આપે ફરમાવું કે, લોગોને અમર કરવામાં આવો છે કે, જે વક્ત તેઓ પોત પોતાના તવાફથી ફારિગ થાય તો હમારા પાસે આવે અને પોતાની ઝાતને હમારા નઝદીક પૈશ કરે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી બયાન આવેલું છે કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે શખ્સ દુનિયા યા આખેરતનો ઈરાદો કરે તો એને બયતુલ્લાહનો કસ્દ કરવો જોઈએ યાઅની હજ્જની નિય્યત કરવી જોઈએ. કોઈ પણ બંદો આ ઘરમાં આવીને અલ્લાહને દુનિયાનો સવાલ કીધો નથી પણ ઝરૂર અલ્લાહે એની દુનિયાની ઉમ્મીદ પૂરી કીધી છે; યા આખેરતનો સવાલ નથી કીધો મગર ઝરૂર અલ્લાહે એના વાસ્તે આખેરતનો ઝખીરો તૈયાર કીધો છે. અય લોગો, તમેં હજ્જ અને ઉમરાહને લાઝિમ રહો, તેને અદા કરવામાં ઝર્રા બરાબર પણ તાખીર ન કરો સબબ કે આ બેવે ગુનાહોંને ધોઈ નાખે છે જેમ પાની મેલને ધોઈ દે છે; અને મોહતાજગીને દૂર કરે છે જેમ આગ લોખંડના કાટને સાફ કરે છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ મારા મૌત બાદ મારી કબરે મુબારકની ઝિયારત કરશે તો એ તે શખ્સની મિસિલ છે જે મારી ઝિંદગીમાં મારા તરફ હિજરત કરીને આવો હોય. જે શખ્સ મારા કબરની ઝિયારત ન કરી શકે તો એને કહો કે, મારી તરફ સલામ મોકલે, ઝરૂર એનો સલામ મારા તક પહોંચશે. તા. ૧૫ ઝિલકાદ ૧૪૨૭, મંગલવારે હુઝૂરેઆલી સૈયેદના સાહેબે (ત.ઉ.શ.) આ સાલ હજ્જે બયતુલ્લાહનો કસ્દ કરનાર મુમેનીન ઉપર નઝરે ઈનાયત ફરમાવી આપના મકામે શરીફ “દારૂસ્સલામ” પર મુલાકાત, મીસાક, નમાઝે વિદાઅ અને ઝિયાફતના શરફથી નવાઝવા દાઅવતના વિઝારત તરફથી તમામ આઝેમીને હજ્જને ઈઝને ખાસ પૈશ કરવામાં આવું. હુઝૂરેઆલી ની પુરનૂર હાઝરી સાથે આ મખ્સૂસ મુમેનીનના નસીબામાં એક એવો ફરહત અને ખુશીનો મૌકો હતો કે, જે રૂકને અઝીમ અદા કરવા વાસ્તે તમામ કમરબસ્તા છે તે સાથે એક જ કિશ્તીએ સફર પર સવાર થાનાર બીજા મુમેનીનની મુલાકાત થઈ શકે અને એકબીજાની સોહબતના આસરાની ઉમ્મીદ પણ તાઝા થઈ શકે.

હુઝૂરેઆલી સૈયેદના સાહેબે મુમેનીનને મુખાતિબ થઈને ફરમાવું કે, અપનું અહલે બૈત (અ.સ.) નું હક્કનું દીન રઝાનું દીન છે. અલ્લાહતઆલા આ ખલ્ક પર પોતાના હુજ્જતની રઝા સિવાય શરીઅતના કોઈ અમલને કુબૂલ કરતો નથી. દાઈયુઝઝમાન, જે મમ્લૂકે આલે મોહંમદ અને નાઈબે ઈમામુઝઝમાન (અ.સ.) છે, તેમની રઝાની વાબિસ્તગી ઈમામુઝઝમાન (અ.સ.) ની રઝાથી છે જે આ દુનિયામાં અલ્લાહના હકીકી હુજ્જત છે. આપ મૌલાએ કરબલાએ મોઅલ્લાની મન્ઝરકશી કરીને સૈયેદુશ્શોહદા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) અને આપના બાવફા અસ્હાબનું બયાન ફરમાવી રઝાની એહમીયતથી મુમેનીનને આગાહ કીધા.

આપ મૌલાએ ફરમાવું કે, અય મુમેનીન ! તમેં વતન છોડીને, એહલો અયાલને મૂકીને એક અઝીમુશ્શાન અને આઅલા મકામ પર જઈ રહ્યા છો. તમેં તમારો ઝિયાદહ તર વક્ત ઈબાદતમાં, તૌબામાં, દોઆમાં, ઈસ્તિગફારમાં, તવાફમાં, નિસ્ફિલ્લૈલમાં, તિલાવતે કુરઆનમાં સર્ફ કરજો. તમેં અલ્લાહતઆલાની પસંદીદાહ મુકદ્દસ સરઝમીન પર જઈ રહ્યા છો, તમારી ઝિંદગીના આખિરી અય્યામ સમઝીને હર ચીઝને દિલની પાકીઝગી સાથે અદા કરજો, અલ્લાહ તમારો અને તમારા અહલનો મુહાફિઝ છે. **અય મુમેનીન અને મુમેનાત! તમેં હમણા જે સૂરત અને સીરત ઇખ્તિયાર કીધી છે તેને હજ્જથી ફારિગ થયા બાદ પણ કાઇમ રાખજો તો જ હજ્જનો મુબારક લકબ તમને ઝૈબ આપશે.** મુમેનીન, તમેં નમાઝના પાબંદ રહેજો, પાક આદત અને નૈક અખ્લાક પર ચાલજો, નૂરાની લિબાસ અને દાઢીને તમારી ઝાત વાસ્તે પસંદ કરજો. મુમેનાત, તમેં રિદા અને પડદાનો ખાસ ખયાલ રાખજો, ઘરોમાં ઈમાની માહૌલને બરકરાર રાખજો. આખિરમાં આપ મૌલાએ મુમેનીનના હકકમાં ખૂબ દોઆએ ખાસ ફરમાવી કે, અલ્લાહતઆલા તમામના મકાસિદ અને હાજતોને બર લાવે અને સેહતો આફીયતીથી હજ્જના બધા મરહલાઓ પાર પાડે તેમજ અમનો અમાનથી વતન તરફ પાછા રૂજૂઅ કરે. આમીન... ★